# ભારતનો વિદેશ વેપાર : વેપારના કદ અને માળખા પર એક અભ્યાસ

**Ms. Lakhiben S. Rohit**
**Research Scholar**
**Economics Department**
**Veer Narmad South Gujarat University, Surat**

**Dr. Vijaykumar A. Joshi**
**Research Guide & Principal**
**M.K. College of Commerce, Bharuch**

## સારાંશ (ABSTRACT)

વિદેશી વેપારને વિકાસનું એન્જિન માનવામાં આવે છે. અન્ય કોઈપણ અર્થતંત્રની જેમ, ભારતીય અર્થતંત્ર અને વિદેશી વેપાર એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. વિદેશી વેપારનો દેશની GDP વૃદ્ધિ, આર્થિક વિકાસના સ્વરૂપ અને વિકાસના સ્તર પર નોંધપાત્ર પ્રભાવ પડે છે. આમ, વિદેશી વેપાર વિકાસ વ્યૂહરચનાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. પ્રસ્તુત પેપરમાં આયોજનકાળ દરમિયાન ભારતના વિદેશ વેપારના કદ અને માળખામાં થયેલ પરિવર્તનો જાણવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. ભારતના વિદેશ વેપારમાં વર્ષ 1990-91 થી 2023-24 દેશની આયાત વૃદ્ધિનો દર અને નિકાસ વૃદ્ધિનો દર ઘણો ઉંચો રેહવા પામ્યો છે. પરંતુ આ સમયગાળા દરમિયાન આયાત વૃદ્ધિના દરની તુલનામાં નિકાસ વૃદ્ધિનો દર ધીમો રેહવા પામ્યો છે જેને લીધે દેશની વેપારતુલામાં વર્ષ 1990-91 માં વેપારતુલાની ખાધ રૂ. 10.635 થી વર્ષ 2023-24 માં વધીને રૂ. 19,97,090 કરોડ થવા પામી છે. આયોજનકાળ દરમિયાન ભારતની મુખ્ય આયાતોનું માળખું જોતા ભારત અનાજની બાબતમાં આત્મનિર્ભર બન્યો છે. એજ રીતે નિકાસ વેપારમાં પણ દેશ વૈવિધ્યપૂર્ણ બન્યો છે.

## પ્રસ્તાવના :

વિદેશી વેપાર વિશ્વના વિવિધ દેશો વચ્ચેના વેપાર સાથે સંબંધિત છે. નિકાસનો અર્થ અન્ય દેશોમાં માલ અને સેવાઓ વેચવાનો છે, જ્યારે આયાતનો અર્થ અન્ય દેશોમાંથી માલ અને સેવાઓ ખરીદવાનો છે. તેને આંતરરાષ્ટ્રીય વેપાર, બાહ્ય વેપાર અથવા આંતર-પ્રાદેશિક વેપાર તરીકે પણ ઓળખવામાં આવે છે. વિશ્વના કોઈપણ દેશ પાસે જરૂરી બધી માલ અને સેવાઓનું ઉત્પાદન કરવા માટે પૂરતા સંસાધનો અને સુવિધાઓ નથી. આ જ મુખ્ય કારણ છે કે દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય વેપાર થાય જેથી તેમને જરૂરી માલ અને સેવાઓના વિનિમય થાય. ભારત વિશ્વભરના દેશોમાં માલ અને સેવાઓ ખરીદે છે અને વેચે છે. વિદેશી વેપાર સ્થાનિક ઉદ્યોગોને સ્થાનિક અર્થતંત્રમાં તેમનો વ્યવસાય તેમજ અન્ય દેશોમાં નિકાસ વધારવામાં મદદ કરે છે. અન્ય દેશોમાં માલ અને સેવાઓની નિકાસ વધુ વિદેશી વિનિમય આપે છે અને દરેક દેશ આયાત કરતાં તેના માલની નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાં વિવિધ દેશોની વિવિધ ચલણોનો સમાવેશ થાય છે અને તે સંબંધિત દેશોના કાયદા, નિયમો અને નિયમો દ્વારા નિયંત્રિત થાય છે જે આંતરરાષ્ટ્રીય વેપારને વધુ જટિલ બનાવે છે. ભારતના વિદેશી વેપારે દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારો એ વૈશ્વિકરણના ચાલુ રહેવાનો એક પાસું છે. ભારતના વેપાર અને બાહ્ય ક્ષેત્રનો GDP વૃદ્ધિ અને માથાદીઠ આવકના વિસ્તરણ પર નોંધપાત્ર પ્રભાવ છે. સ્વતંત્રતા પછીના 75 વર્ષના સમયગાળામાં ભારતના વિદેશી વેપારના કદમાં , રચનામાં અને દિશામાં માળખાકીય ફેરફારો જોવા મળ્યા છે. નિકાસ રચનામાં, મૂડી-સઘન ચીજવસ્તુઓએ શ્રમ-સઘન ચીજવસ્તુઓનું સ્થાન લીધું છે. ભારતના કુલ વેપારમાં વિકાસશીલ દેશોના હિસ્સામાં વિકસિત દેશોના હિસ્સામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. 1991 માં ભારતે આર્થિક સુધારા રજૂ કર્યા હતા અને વિદેશી વેપાર આવા પગલાંનો એક મહત્વપૂર્ણ ઘટક હતો. જો કે, ભારતનો વેપાર શાસન અને નિયમનકારી વાતાવરણ હજુ પણ પ્રમાણમાં પ્રતિબંધિત છે. કેન્દ્ર સરકારના સ્તરે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વાણિજ્ય વિભાગ પાસે વિદેશી વેપાર કામગીરીનું સંચાલન કરવાની જવાબદારી છે. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે ભારતની નિકાસનો ઓછો વૈશ્વિક હિસ્સો ભારતીય અર્થતંત્ર માટે વિદેશી વેપારના મહત્વને પ્રતિબિંબિત કરતું નથી. વૈશ્વિક નિકાસમાં ભારતનો હિસ્સો વધારવા માટે સરકાર

દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત પેપરમાં નિકાસ અને આયાતના વેપાર કદમાં મુખ્ય ફેરફારો, વેપારના માળખાની રચનામાં થયેલા મહત્વપૂર્ણ ફેરફારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

## સંદર્ભ સાહિત્ય :

**(પિલાનિયા, 2008),** પ્રસ્તુત અભ્યાસ મુજબ **1947**માં સ્વતંત્રતા મળ્યા પછી ભારતીય નિકાસ મૂલ્યની દ્રષ્ટિએ ઘણી આગળ વધી છે. ભારતની માલસામાન નિકાસનું કુલ મૂલ્ય **1950-51**માં **1.3** બિલિયન યુએસ ડોલરથી વધીને **2003-2004**માં **63.8** બિલિયન યુએસ ડોલર થયુ હતું. **1991**ના ઉદારીકરણ પછી વેપાર વૃદ્ધિમાં વધારો થયો છે. વેપારની રચના હવે ઉત્પાદિત માલ અને સેવાઓ દ્વારા પ્રભુત્વ ધરાવે છે. વૈશ્વિક નિકાસમાં ભારતની સેવાઓ નિકાસનો હિસ્સો ભારતીય ઉત્પાદન નિકાસ કરતા બમણાથી વધુ છે. પૂર્વ એશિયાઈ દેશો, ખાસ કરીને ચીન એક મુખ્ય વેપારી બ્લોક બની ગયા છે. આવનારા વર્ષોમાં ભારતીય વિદેશી વેપાર માટે વિશાળ સંભાવનાઓ રહેલી છે.

**(ગુપ્તા, 2019),** પ્રસ્તુત પેપરમાં **1950-51** થી **2017-18** સુધીના ડેટાનો સમાવેશ થાય છે અને ભારતીય વિદેશી વેપારમાં વોલ્યુમ રચના અને દિશામાં થયેલા મોટા ફેરફારનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તે તારણ આપે છે કે સ્પર્ધાત્મક દરે વીજળીની ઉપલબ્ધતા કાપડ નિકાસમાં ગેમ ચેન્જર બની શકે છે અને ઈલેક્ટ્રોનિક હાર્ડવેર નિકાસને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

**(મિશ્રા, 2021),** પ્રસ્તુત પેપરનો મુખ્ય ઉદ્દેશ્ય નવી એક્ઝિમ નીતિ હેઠળ વિદેશી વેપારમાં માળખાકીય પરિવર્તનનું વિશ્લેષણ કરવાનો છે. અભ્યાસનો સમયગાળો **2010-11** થી **2019-20** સુધીનો છે. પરિણામ દર્શાવે છે કે યુએસએ, યુએઈ, હોંગકોંગ, યુકે, જર્મની, સાઉદી અરેબિયા અને ચીનનો વિશ્વ સ્તરે ભારતમાંથી થતી નિકાસમાં **40%** થી વધુ હિસ્સો હતો. ભારતની કુલ નિકાસ જે **2018-19**માં **330078.1** મિલિયન યુએસ ડોલર હતી તે **2019-20**માં ઘટીને **313138.5** મિલિયન યુએસ ડોલર હતી.

## અભ્યાસના હેતુઓ :

I. વર્ષ **199૦ – 91** થી **2023 – 24** દરમિયાન ભારતના વિદેશ વેપારમાં (આયાત – નિકાસ વેપારમાં) થયેલ પરિવર્તનો જાણવા.

II. વર્ષ **199૦ – 91** થી **2023 – 24** દરમિયાન ભારતના કુલ વિદેશ વેપારમાં વેપારતુલાની ખાધ તપાસવી.

III. **2016-17** થી **2023-24** દરમિયાન ભારતના આયાત વેપારના માળખામાં થયેલ પરિવર્તનો જાણવા.

IV. **2016-17** થી **2023-24** દરમિયાન ભારતના નિકાસ વેપારના માળખામાં થયેલ પરિવર્તનો જાણવા.

## સંશોધન માહિતીના સ્ત્રોતો અને સંશોધન પદ્ધતિ :

વેપારએ સમગ્રલક્ષી ક્ષેત્રનો વિષય છે જેમાં આતરિક વેપાર સાથે બાહ્ય એટલે કે આંતરરાષ્ટ્રીય વેપારનો સમાવેશ થાય છે તેથી, પ્રાથમિક સ્ત્રોત પર માહિતી એકત્રિત કરવી મુશ્કેલ છે. પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે વર્ષ **1090-91** થી **2023-24** સુધીના વાર્ષિક ડેટા )**Yearly Time Series Data** ઉપયોગ નો(


અને વાણિજ્ય સરકારની ભારત ,જેમકે સ્ત્રોતો વિવિધ માહિતી ગૌણ અભ્યાસની પ્રસ્તુત .છે આવ્યો કરવામાંઉદ્યોગ મંત્રાલય DGCI&S ,RBI) અને જર્નલ્સ , વિવિધ વેબસાઈટની લીંક પરથી એકત્રિત કરવામાં આવી હતી વેપારના . માટે કરવા ચાર્ટ લાઈન અને ચાર્ટ બાર ,વિશ્લેષણ વલણોનુંMS Excel અને MS Word જેવા સરળ આંકડાકીય સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

1. ભારતના વિદેશ વેપારનું કદ (1990 – 91 થી 2023 – 24)

| INDIA'S FOREIGN TRADE - RUPEES | | | | |
|---|---|---|---|---|
| | | | | (₹ Crore) |
| **YEAR** | **EXPORTS TRADE** | **IMPORTS TRADE** | **TRADE FOREIGN TRADE** | **TRADE BALANCE** |
| **1990-91** | 32558 | 43193 | 75751 | -10635 |
| **1991-92** | 44042 | 47851 | 91893 | -3809 |
| **1992-93** | 53688 | 63375 | 117063 | -9686 |
| **1993-94** | 69751 | 73101 | 142852 | -3350 |
| **1994-95** | 82674 | 89971 | 172645 | -7297 |
| **1995-96** | 106353 | 122678 | 229031 | -16325 |
| **1996-97** | 118817 | 138920 | 257737 | -20103 |
| **1997-98** | 130101 | 154176 | 284277 | -24076 |
| **1998-99** | 139753 | 178332 | 318085 | -38579 |
| **1999-00** | 159561 | 215237 | 374798 | -55675 |
| **2000-01** | 203571 | 230873 | 434444 | -27302 |
| **2001-02** | 209018 | 245200 | 454218 | -36182 |
| **2002-03** | 254913 | 296360 | 551273 | -41446 |
| **2003-04** | 293367 | 359108 | 652475 | -65741 |
| **2004-05** | 375340 | 501065 | 876405 | -125725 |
| **2005-06** | 456418 | 660409 | 1116827 | -203991 |
| **2006-07** | 571779 | 881515 | 1453294 | -309736 |
| **2007-08** | 655864 | 1012312 | 1668176 | -356448 |
| **2008-09** | 840755 | 1374436 | 2215191 | -533680 |
| **2009-10** | 845534 | 1363736 | 2209270 | -518202 |
| **2010-11** | 1136964 | 1683467 | 2820431 | -546503 |
| **2011-12** | 1465959 | 2345463 | 3811422 | -879504 |
| **2012-13** | 1634318 | 2669162 | 4303480 | -1034844 |
| **2013-14** | 1905011 | 2715434 | 4620445 | -810423 |
| **2014-15** | 1896445 | 2737087 | 4633532 | -840641 |
| **2015-16** | 1716384 | 2490306 | 4206690 | -773921 |
| **2016-17** | 1849434 | 2577675 | 4427109 | -728242 |
| **2017-18** | 1956515 | 3001033 | 4957548 | -1044519 |
| **2018-19** | 2307726 | 3594675 | 5902401 | -1286948 |
| **2019-20** | 2219854 | 3360954 | 5580808 | -1141100 |
| **2020-21** | 2159043 | 2915958 | 5075001 | -756914 |
| **2021-22** | 3147021 | 4572775 | 7719796 | -1425753 |


| | | | | |
|---|---|---|---|---|
| **2022-23** | 3621550 | 5749801 | 9371351 | -2128251 |
| **2023-24** | 3618952 | 5616042 | 9234994 | -1997090 |
| **Note : Data for 2022-23 are revised and for 2023-24 are provisional.** | | | | |
| **Source : Directorate General of Commercial Intelligence and Statistics.<br>RBI handbook of statistics** | | | | |

**Chart : 1**




ઉપરોક્ત ટેબલમાં દર્શાવેલ આંકડાઓ અને ચાર્ટ જોતા જાણવા મળ્યું છે કે ભારતમાં વર્ષ **1990–91** થી **2023 – 24** દરમિયાન ભારતના આયાત વેપારના કદ અને નિકાસ વેપારના કદમાં નોંધપાત્ર વધારો થયેલો છે. વર્ષ **1990-91**માં દેશનો આયાત વેપાર રૂ. **43193** કરોડ જેટલો હતો જે વર્ષ **2023-24**માં વધીને રૂ. **5616042** કરોડ થયેલ છે જયારે નિકાસ વેપાર વર્ષ **1990-91**માં રૂ. **32558** કરોડ હતો જે વર્ષ **2023-24**માં વધીને રૂ. **3618952** કરોડ થયેલ છે. જે એવો નિર્દેશ કરે છે કે, આ સમયગાળા દરમિયાન ભારતની આયાત વેપાર વૃદ્ધિ એ નિકાસ વેપાર વૃદ્ધિની તુલનામાં વધુ છે જે દર્શાવે છે ભારતના વિદેશ વેપારના કદમાં થયેલો આ વધારો મોટાભાગની આયાત વેપાર વૃદ્ધિને લીધે થયેલ છે જે દેશની વેપારતુલામાં જંગી ખાધમાં પરિણમ્યો છે.

**Chart:2**




ઉપરોક્ત ગ્રાફ નં. 2માં ભારતમાં વર્ષ 1990-91 થી 2023-24માં દેશનો વિદેશ વેપાર અને વેપારતુલામાં ખાધમાં થયેલા વલણો દર્શાવવામાં આવેલ છે. પ્રસ્તુત સમયગાળા દરમિયાન ભારતનો કુલ વિદેશ વેપાર (આયાત + નિકાસ)માં સતત વધારો નોંધાયો છે પરંતુ બીજી તરફ આયાત વેપારની સરખામણીમાં નિકાસ વેપારની વૃદ્ધિ ઓછી હોવાને લીધે ભારતની વેપારતુલા ખાધવાળી રેહવા પામી છે. વર્ષ 1990 – 91 માં વેપારતુલાની ખાધ રૂ.10,645 કરોડ હતી જે વર્ષ 2000-'01માં રૂ.27,302 કરોડ, વર્ષ 2012-13માં રૂ.1034844 કરોડ જે 2023-24માં જંગી વધારા સાથે રૂ. 1997090 કરોડ થયેલ છે. ભારતની વેપરતુલાની ખાધ એ આ સમયગાળા દરમિયાન દેશની નિકાસ વેપાર ઓછી રહી છે તેને પરિણામે થયેલ છે બીજી બાજુ એક કારણ એ પણ ઘણી શકાય કે આ સમયગાળા દરમિયાન આયાત વૃદ્ધિનું બિલ નિકાસ વૃદ્ધિ કરતા વધારે છે. જેને લીધે ભારતની વેપારતુલા ખાધવાળી રહી છે.


## ભારતના વિદેશ વેપારના માળખામાં થયેલા પરિવર્તનો :

વિદેશ વેપારના માળખામાં થયેલા ફેરફારો જે તે દેશના આયાત વેપાર અને નિકાસ વેપારના માળખામાં થયેલા પરિવર્તનોથી જાણી શકાય છે. વર્ષ **2016 – 17** થી **2023 – 24** માં ભારતના આયાત અને નિકાસ વેપારમાં નોંધપાત્ર પરિવર્તનો જોવા મળ્યા છે જેમે કે,

- **ભારતના આયાત વેપારમાં થયેલા પરિવર્તનો - 2016-17 થી 2023-24 :**

| ક્રમ NO. | ચીજવસ્તુઓ (COMMODITIES) | કુલ આયાતોની ટકાવારી (IMPORT'S TRADE IN %) | |
|---|---|---|---|
| | | 2016 - 17 | 2023 - 24 |
| I. | અનાજ અને અન્ય સંબંધિત ચીજવસ્તુઓ | 3.9 | 2.97 |
| II. | મૂડીગત વસ્તુઓ | 11.0 | 11.0 |
| III. | ખાતર | 1.7 | ૩.87 |
| IV. | ખનીજતેલ અને પેટ્રોલિયમ પેદાશો | 34.7 | 32.09 |
| V. | પેપર બોર્ડ મેન્યુફેક્ચરિંગ,લાકડાની બનાવતો, ન્યુઝ પ્રિન્ટ | ૦.8 | 1.01 |
| VI. | અન્ય આયાતો | 47.9 | 47.91 |
| કુલ (TOTAL) | | 100 | 100 |

Source : Directorate General of Commercial Intelligence and Statistics.





ઉપરોક્ત કોષ્ટક અને ગ્રાફ પરથી સ્પષ્ટ થાય છે કે, વર્ષ **2016-17**માં ભારતની કુલ આયાતોમાં પેટ્રોલિયમ પેદાશો અને તેને સંબંધિત સામગ્રીનો હિસ્સો **34.7%** જેટલો હતો જે વર્ષ **2023-24**માં ઘટીને **32.9%** જેટલો થયો હતો. જ્યારે મૂડી-મૂલક વસ્તુઓ જેમ કે વિવિધ પ્રકારની યંત્રસામગ્રી, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ, વાહન-વ્યવહાર અંગેની યંત્રસામગ્રી, નિકાસ-સંબંધિત વસ્તુઓ જેમ કે મોતી તથા કિંમતી રત્નો, રસાયણો તથા અન્ય વસ્તુઓ જેવી કે સોનું-ચાંદી, કૃત્રિમ રેકઝિન, પ્લાસ્ટિક સામગ્રી, વૈજ્ઞાનિક અને નેત્ર ચિકિત્સક વસ્તુઓ, દવાઓ રસાયણો વગેરેનો હિસ્સો વર્ષ **2016-17**માં **58.9%** જેટલો હતો જે વધીને વર્ષ **2023-24**માં **59.2%** જેટલો હતો. જયારે ખાદ્ય તેલ, કઠોળ, ખાતર, બિન-લોહ ધાતુઓ, પેપર તથા પેપર બૉર્ડ, ન્યુઝ પ્રિન્ટ, લોખંડ અને પોલાદ વગેરેનો હિસ્સો લગભગ વર્ષ **2016-17**માં **6.4%** હતો જે વધીને વર્ષ **2023-24**માં **6.8%** જેટલો હતો. આમ, ભારતની મુખ્ય આયાતોમાં યંત્ર સામગ્રી અને મૂડી સાધનો, ઉદ્યોગોનો કાચોમાલ, સંરક્ષણને લગતી આયાતોમાં વિસ્તરણ જોવા મળ્યું છે બીજી તરફ અનાજની આયાતો શૂન્ય થવા પામી છે ભારત અનાજની બાબતમાં આત્મનિર્ભર બન્યો છે. ભારતની કુલ આયાતોના માળખામાં વિકાસલક્ષી અને નિભાવલક્ષી આયાતો અગત્યનું સ્થાન ધરાવે છે જેના પરથી સ્પષ્ટ થાય છે કે દેશમાં કૃષિક્ષેત્રની સાથે સાથે ઉદ્યોગિક વિકાસ માટેનો મજબુત અને સુર્દઢ પાયો નાંખી શકાયો છે. તેમજ વપરાશી ચીજવસ્તુઓની ઘટતી જતી આયાતોથી એમ સમજી શકાય કે ભારત આ પ્રકારના ઉત્પાદન કરવામાં ક્ષમતા હાંસલ કરી છે. આ સંદર્ભમાં ભારતે હજુ વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત કરવાના પ્રયાસો કરવા ઘટે.

- **ભારતના નિકાસ વેપારમાં થયેલા પરિવર્તનો 2016-17 થી 2023-24 :**

| ક્રમ (NO.) | ચીજવસ્તુઓ (COMMODITIES) | કુલ નિકાસ વેપારની ટકાવારી (EXPORT'S TRADE IN %) |
|---|---|---|

| | | 2016 - 17 | 2023 - 24 |
|---|---|---|---|
| I. | અનાજ અને અન્ય સંબંધિત ચીજવસ્તુઓ | 12.8 | 9.23 |
| II. | ક્રુડ અને પેટ્રોલિયમ પેદાશો | 18.5 | 19.26 |
| III. | તૈયાર વસ્તુઓ | 66.7 | 64.00 |
| IV. | ખનિજો | 1.5 | 1.97 |
| V. | અન્ય નિકાસો | ০.5 | 5.54 |
| કુલ (TOTAL) | | 100 | 100 |

Source : Directorate General of Commercial Intelligence and Statistics.




ઉપરોક્ત કોષ્ટક અને ગ્રાફ પરથી સ્પષ્ટ થાય છે કે, વર્ષ 2016-17માં ભારતની કુલ નિકાસોમાં તૈયાર વસ્તુઓ જેવી કે, કાપડ, ચામડું અને ચામડાની બનાવટો, તૈયાર વસ્ત્રો, રસાયણો અને તેની સંબંધિત પેદાશો, ઈજનેરી વસ્તુઓ, હીરા અને ઝવેરાત, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ, હસ્તકલાની વસ્તુઓ, ગાલીચા વગેરેનો હિસ્સો 66.7% હતો જે 2023-24માં ઘટીને 64% જેટલો થયો હતો. જ્યારે કૃષિ અને તેને સંબંધિત પેદશોનો હિસ્સો 2016-17માં 12.8% હતો જે 2023-24માં ઘટીને 9.23% જેટલો થયો હતો. તથા ક્રુડ અને પેટ્રોલિયમ પેદાશો અને અન્ય વસ્તુઓનો હિસ્સો લગભગ 2016-17માં 19% હતો જે 2023-24માં વધીને 24.8% ટકા જેટલો થયો હતો.

## અભ્યાસના તારણો :

- ભારતના વિદેશ વેપારના કદમાં આયાતો અને નિકાસોના વેપારમાં નોંધપાત્ર વૃદ્દિધ થયેલી છે. વર્ષ 1990 – 91માં ભારતનો કુલ વિદેશ વેપાર રૂ.75751 હતો જે 2023 – 24માં રૂ.9234994 કરોડ જેટલો થયો હતો.

- પ્રસ્તુત સમયગાળામાં ભારતનો કુલ વિદેશ વેપારમાં નોંધપાત્ર વૃદ્ધિ એ દેશની આયાતોની વૃદ્ધિને કારણે છે આ સમયગાળામાં નિકાસોમાં ઓછી વૃદ્ધિ નોંધાઈ છે જેને પરિણામે અમુક અપવાદ વર્ષોને બાદ કરતા ભારતની વેપારતુલા ખાધવળી રેહવા પામી છે. વર્ષ **2023 – 24** માં દેશની વેપારતુલાની ખાધ રૂ. **1997090** થઈ છે.
- વર્ષ **2016-17** થી **2023-24**માં ભારતના વિદેશ વેપારના માળખામાં નોંધપાત્ર ફેરફારો થાય છે. આયાત વેપારના સંદર્ભમાં ભારત અનાજ અને વપરાશી વસ્તુઓની બાબતમાં આત્મનિર્ભરતા અને ક્ષમતા હાંસલ કરેલ છે બીજી તરફ ઔધયોગિક વિકાસને લગતી આયાતોમાં વૃદ્ધિ નોધાઈ છે જે દેશના ઝડપી વિકાસમાં મહત્ત્વનો ફાળો પ્રદાન કરશે.
- પ્રસ્તુત સમયગાળામાં ભારતના નિકાસ વેપારના માળખામાં પણ મહત્ત્વના પરિવર્તનો થયા છે. ભારત પ્રણાલિકાગત નીકાસોની સાથે બિનપ્રણાલિકાગત નિકાસોમાં વૃદ્ધિ સાથે વૈવિધ્યપૂર્ણ બન્યો છે.

## સૂચનો :

- ભારતના વિદેશી વેપારને વધારવા માટે, મુખ્ય સૂચનોમાં શામેલ છે: કાપડ અને રત્નો જેવા પરંપરાગત ક્ષેત્રોથી આગળ નિકાસ ચીજવસ્તુઓનું વૈવિધ્યકરણ, ઉચ્ચ મૂલ્યવર્ધિત માલ પર ધ્યાન કેન્દ્રિત કરવું, ઈ-કોમર્સ પ્લેટફોર્મનો લાભ લેવો, મુક્ત વેપાર કરારો **(FTA)** ને સક્રિયપણે અનુસરવા, માળખાગત સુવિધાઓમાં સુધારો કરવો, કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવું અને વહીવટી બોજ ઘટાડવા માટે નિકાસ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવી; ફાર્માસ્યુટિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ, નવીનીકરણીય ઉર્જા ઉત્પાદનો, મૂલ્યવર્ધિત પ્રક્રિયા સાથે કૃષિ પેદાશો અને **IT** અને આરોગ્યસંભાળ જેવી સેવાઓ પ્રાથમિકતા ધરાવતી ચીજવસ્તુઓની નિકાસમાં વૃદ્ધિ કરવી.

## સમાપન :

આયોજનકાળના સમયગાળાથી ભારતનો કુલ વિદેશ વેપાર વિસ્તરણ પામ્યો છે તથા ભારતના આયાત અને નિકાસ વેપારના માળખામાં આવેલા પરિવર્તનો આર્થિક વિકાસની પ્રક્રિયામાં સંપૂર્ણપણે સુસંગત છે. ઉપરાંત પ્રવતમાન સમયે ભારત વિદેશ વેપારમાં વૈશ્વિક સ્તરે મજબૂત વર્ચસ્વ ધરાવતો થયો છે, જેમાં વૈવિધ્યકરણ અને મૂલ્યવર્ધિત ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરીને વેપારી નિકાસમાં વધુ વૃદ્ધિની નોંધપાત્ર સંભાવના છે.

## References

Gupta, D. S. (2019). An Analysis of Indian Foreign Trade In Present Era. *International Engineering and Management Research, 9*(2), 1-8. Retrieved from https://ssrn.com

India, G. o. (2025, 02 19). *Directorate General of Commercial Intelligence and Statistics*. Retrieved from Ministry of Commerce and Industry: https://www.dgciskol.gov.in/

Mishra, D. M. (2021). India's Foreign Trade : An Overview. *International Journal of Engineering and Management Research* , 84-92.

Pillania, R. K. (2008). AN EXLORATORY STUDY OF INDIAN FOREIGN TRADE . *Applied Economic Sciences*, 281-292.

RBI. (2023, 9). *Reserve Bnak Of India* . Retrieved from Handbook of Statistics on Indian Economy: https://www.rbi.org.in/scripts/annualPublications.aspx?head=Handbook+of+Statistics+on+Indian+Economy